નાના બાળકોને જિનશાસનના રંગમાં રંગતી

# તુ રંગાઈ જા ને રંગમાં ૨

(રંગપૂરણી ચિત્રવાર્તાઓ)



પૂર્ણાનંદ પ્રકાશન
અમદાવાદ

વ્હાલા બાળકો !

'તું રંગાઈ જાને રંગમાં' રંગપૂરણી ચિત્રવાર્તાની બીજી પુસ્તિકા તમારા હાથમાં આવી રહી છે.

પ્રથમ પુસ્તિકાના માધ્યમે તમોએ જ્ઞાન-કલાનો વિકાસ કરવા પ્રયત્નો કર્યા હશે.... ચિત્રોમાં સુંદર મજાના રંગો ભર્યા હશે. હવે બીજી પુસ્તિકામાં પણ તમારે વાર્તા મનમાં સ્થિર કરી ધીરજપૂર્વક રંગો ભરવાના છે.

આ પુસ્તિકા તમોને મળશે ત્યારે તમો પરીક્ષાની તૈયારી કરી રહ્યા હશો. પરીક્ષા પૂરી થાય પછી ટી.વી., વીડિયો ગેઈમ, ગેઈમ ઝોન વગેરેમાં સમય બગાડતા નહીં. આ પુસ્તિકા દ્વારા સમયનો સદુપયોગ કરશો.

આ સાથે પ્રશ્ન સ્પર્ધાનું આયોજન છે તેમાં પણ તમો ભાગ લેશો. જવાબો માત્ર પોસ્ટકાર્ડથી મોકલશો.

જ્ઞાન-કલા વિકાસના આ અભિયાનને સુંદર આવકાર મળ્યો છે. બે હજાર જેટલાં બાળકોએ લાભ લીધો છે તેનો આનંદ છે.

હજુ પણ જે બાકી રહી ગયેલ મિત્રોને આ રંગપૂર્ણી ચિત્રવાર્તાનો આનંદ માણવો હોય તેઓને સભ્ય બનવા પ્રેરણા કરશો.

જ્ઞાનવૃદ્ધિની સાથે તમારી કલાને વિકસાવો તેવી ભાવના સાથે.

પૂર્ણાનંદ પ્રકાશન

## -: સાવધાન ! મને સાચવી રાખો :-

**ચોથા અંકમાં એક પ્રશ્નપત્ર તમોને આપવામાં આવશે. તે પ્રશ્નપત્રમાં વર્ષની ૪ પુસ્તિકાઓમાંથી પ્રશ્નો પુછાશે. અનેક પ્રકારનાં ઈનામોનું આયોજન થશે. આ પુસ્તિકા ત્યાં સુધી તો સાચવી જ રાખશો.**

## સ્પર્ધા નં.:૨

બાળકો...! અહીં આઠ પ્રશ્નો આપેલા છે. તેના જવાબો તમારે નં.:૨ની આ રંગપૂરણી ચિત્રવાર્તાના આધારે જ આપવાના છે. નીચેના સૂચનો ધ્યાનમાં રાખવાં.

૧. માના પવિત્ર ચરણોમાં પોતાની આંખને સ્પર્શ કોને કરાવ્યો ?
૨. શ્રી મહાવીર પ્રભુનો અભિગ્રહ કોનાથી પૂર્ણ થયો ?
૩. બીજાને હેરાન પરેશાન કરવાનો સ્વભાવ કોનો હોય ?
૪. ૧૬ ઘડીના બદલે ૧૬ વર્ષ દીકરાનો વિયોગ કોણે સહન કર્યો ?
૫. શ્રેણીક મહારાજાને સમ્યક્ત્વની પ્રાપ્તિ કોના દ્વારા થઈ ?
૬. કોને નાની ઉંમરમાં દીક્ષા લીધી અને નાની ઉંમરમાં કાળધર્મ પામ્યા ?
૭. મોહને શાની ઉપમા અપાય છે ?
૮. શ્રી મહાવીર પ્રભુના ૧૪૦૦૦ સાધુમાંથી શ્રેષ્ઠ સાધુ કોણ ?

### -: સૂચનો :-

૧. જવાબો માત્ર પોસ્ટકાર્ડમાં જ લખવા તે સિવાય જવાબો માન્ય નહીં ગણાય.
૨. જવાબો માત્ર એક શબ્દમાં જ લખવાના છે.
૩. પોસ્ટકાર્ડમાં તમારું નામ, પૂરું સરનામું તથા સભ્ય નંબર અવશ્ય લખવો.
૪. સંપૂર્ણ સાચા જવાબ આપનારમાંથી પાંચ લકી વિજેતા નંબર આપવામાં આવશે. જે લકી વિજેતાનું નામ આગામી પુસ્તકમાં છાપવામાં આવશે. તે ઈનામપાત્ર બનશે.
૫. જવાબો મોકલાવવાની છેલ્લી તા. ૧૫-૬-૦૮ રહેશે.

### -: જવાબ મોકલવાનું સરનામું :-

**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**
**C/O. પ્રદિપભાઈ એસ. શાહ**
**કે/૩, વિવેકાનંદ ફ્લેટ્સ, જોધપુર ચાર રસ્તા,**
**સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫. (મો.) ૯૮૨૪૨ ૫૪૪૯૯**

### -: સ્પર્ધા નં. : ૧ના સાચા જવાબ :-

(૧) ચિંતા ન કરે તે સુખી (૨) સંગમે (૩) ગોવાળે (૪) રોહિણીયા ચોરને (૫) નવકાર (૬) ઓઘો લઈને (૭) અઈમુત્તા (૮) શુભલેશ્યા

**સાચા જવાબ લખનાર સર્વે બાળકોને**

**ધન્યવાદ**

### -: લકી વિજેતા :-

૧. ભદ્રામૈત્રી અજયભાઈ (જામનગર)
૨. શૈલી સંજીવકુમાર શાહ (ઈડર)
૩. જીનાલી મિલનભાઈ શાહ (નારણપુરા) અમદાવાદ
૪. જિનાલ કે. શાહ (શાંતિનગર) અમદાવાદ
૫. પીન્કી અનિલભાઈ મહેતા (પન્નાટાવર) સુરત

પાંચે લકી વિજેતાઓને ઈનામ તેઓના સરનામે મોકલાવીશું

નાના બાળકોને જિનશાસનના રંગમાં રંગતું..

# તું રંગાઈ જાને રંગમાં

## (રંગપૂરણી ચિત્રવાર્તાઓ)

વર્ષ : ૧ | અંક : ૨ | સળંગ અંક : ૨

નાનાં બાળકોને જિનશાસનના ચમકતા સિતારાઓનો પરિચય કરાવતી આ રંગપૂરણી ચિત્રવાર્તાઓ બાળકમાં રહેલી કલાની વૃત્તિને જાગ્રત કરી બાળકને ધર્મના રંગે પણ રંગશે. બાળક પોતાની મન પસંદગીના રંગો ભરી ઘડી બે ઘડી માટે આ મહાપુરુષોના જીવનમાં ડૂબી જશે તથા રંગો ને કલા અંગેની સૂઝમાં પણ પ્રગતિ કરી શકશે.

બાળકોના જ્ઞાન અને કલાવૃદ્ધિના આ અભિયાનમાં એક વર્ષમાં ૪ પુસ્તિકાઓ પ્રકાશિત થઈ રહી છે. બાળકોને અતિઅલ્પ લવાજમમાં સભ્ય બનાવી તેઓને પહોંચાડવામાં આવે છે.

| **એક વર્ષનું લવાજમ** | **એક પુસ્તિકાનું છુટક મૂલ્ય** |
|---|---|
| **૪ પુસ્તિકાનું સાથે માત્ર રૂા. ૫૦/-** | **રૂા. ૨૫** |


ચિત્રકાર : **પુષ્પેન્દ્ર શાહ**

: પ્રકાશક :

**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**

**C/o. પ્રદિપભાઈ એસ. શાહ**

**કે/૩, વિવેકાનંદ ફ્લેટ્સ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫. (મો.) ૯૮૨૪૨ ૫૪૪૯૯**



૧. રાણી રૂકમણી

# રાણી રૂકમણી

શ્રી નેમનાથ ભગવાનના સમયનો પ્રસંગ છે. જીવનમાં બનતો નાનો મોટો **કોઈ પણ દુઃખદ પ્રસંગ આપણી જ ભૂલનું પરિણામ હોય છે.** તે વાત આ કથા સ્પષ્ટ કરે છે.

કૃષ્ણ મહારાજાની આઠ રાણીઓ પૈકી એક મહારાણીનું નામ રૂક્મણી છે. આ રૂક્મણી રાણીની કુખે પુત્રનો જન્મ થાય છે. માને સૌથી વ્હાલી વસ્તુ પોતાનો દીકરો હોય છે. મા દીકરાને પોતાના પ્રાણ માનતી હોય છે. સહન કરીને પણ દીકરાને સાચવે છે. **થોડું પણ દીકરાને દુઃખ આવે તો તેની સંવેદના માને થાય છે. તેમાં કારણ છે માનો વાત્સલ્યભાવ.** આવો જ વાત્સલ્યભાવ ધરાવનાર રૂકમણી રાણી રાજકુમારને જન્મ આપે છે. જન્મ આપતાં જ દીકરાનો વિયોગ થાય છે. એક - બે દિવસ નહીં, પરંતુ ૧૬/૧૬ વર્ષ જેટલો દીર્ઘકાળનો વિયોગ થયો. ભારે દુઃખ અને દર્દથી સમય પસાર કરે છે. વિયોગનું કોઈ જ કારણ સમજાતું નથી.

આ અરસામાં શ્રી નેમનાથ પ્રભુને કેવળજ્ઞાન થયા બાદ એકવાર દ્વારિકા નગરીના બહાર ઉદ્યાનમાં પધાર્યા છે. આ સમાચાર મળતાં જ કૃષ્ણવાસુદેવને હૈયામાં ભક્તિભાવ ઊભરાયો. એ પોતાની આઠ પટરાણીઓના વિશાળ પરિવાર અને સાજન-માજન સાથે પરમાત્માને વંદન કરવા અને દેશના સાંભળવા જાય છે. પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા આપી યથોચિત સ્થાને બેઠા. કર્મનાં વિષમફળ અને સંસારની અસારતાને સમજાવતી પરમાત્માની દેશના સાંભળી વિનયપૂર્વક કૃષ્ણ વાસુદેવની મહારાણી રૂક્મણી પ્રભુ નેમનાથને પોતાનો સંશય જણાવે છે.

'ભગવંત ! પુત્ર જન્મ પછી તુરત જ મારે ૧૬-૧૬ વર્ષ જેટલો દીર્ઘવિયોગ થયો. પ્રભુ ! પૂર્વભવમાં એવું કયું કર્મ કર્યું હતું. જેને કારણે આ સ્થિતિ બની ? સંશયના સમાધાનમાં પ્રભુએ કહ્યું...

**'જગતમાં જીવો અજ્ઞાન અવસ્થામાં અનેક કર્મ બાંધે છે. કર્મબંધની પ્રવૃત્તિ સમયે જેટલો આનંદ (ઈન્ટરેસ્ટ) વધારે તેટલાં કર્મો નિકાચિત (ચીકણાં-મજબૂત) બંધાય. નિકાચિત કર્મ જીવને ભોગવવાં જ પડે છે. દુઃખ આવે ત્યારે પાપ યાદ આવતું નથી.** પરંતુ પ્રત્યેક દુઃખના પાપ કર્મો જાતે જ બાંધ્યાં હોય છે.

આજથી અનેક ભવો પૂર્વે તારા પતિ રાજવી હતા, તું રાણી હતી. બન્નેને ઉપવનમાં ફરવા જવાનો શોખ હતો. એકવાર ઉપવનમાં ફરતાં ફરતાં મોરલીએ મૂકેલાં ઈંડાં પર તારી નજર ગઈ. નાનાં નાનાં સુંદર મજાનાં ઈંડા જોઈને તું ખૂબ પ્રસન્ન થઈ ગઈ. ઈંડાંને રમાડવા માટે મન લલચાયું. ઈંડાંને સ્પર્શ કર્યો. ઈંડું હાથમાં લીધું અને રમાડ્યું, ખૂબ ખૂબ આનંદ મજા સાથે રમાડ્યું. તે સમયે તારા હાથમાં મહેંદી લગાડેલી હતી. તેના સ્પર્શથી ઈંડાંનો રંગ બદલાઈ ગયો. સફેદ ઈંડામાંથી લાલ થઈ ગયું. તમે તો ઈંડાને બરાબર સાચવીને મૂકી ત્યાંથી ચાલ્યા ગયા. થોડા સમય પછી એની માતા મોરલી ત્યાં આવી. ઈંડાનો વર્ણ-રંગ બદલાઈ જવાથી પોતાના જ ઈંડાને તે મોરલી ઓળખી શકી નહી. તેથી કરૂણ કલ્પાંત કરવા લાગી.

પશુ, પંખી કે મનુષ્ય કોઈ પણ ભવમાં હોય, **માને પોતાના સંતાન પ્રત્યે પ્રેમ - વાત્સલ્ય હોય જ છે.** પોતાના ઈંડા માટે ઝૂરી ઝૂરી ને રડે છે.

થોડીવારમાં અચાનક ભાગ્યયોગે વીજળીના ચમકારા શરૂ થઈ ગયા. મેઘની ગર્જનાઓ થવા લાગી અને ક્ષણવારમાં તો અનરાધાર મેઘની ધારાઓ વરસવા લાગી. ઈંડાં પાણીથી ધોવાઈ ગયા. ફરી સફેદ થઈ ગયાં એની માતા મોરલીએ સફેદ ઈંડાંને ઓળખી લીધાં અને પ્રસન્ન થઈને ઈંડા સેવ્યા. આ દરમ્યાન ૧૬ ઘડી (૧ ઘડી = ૨૪ મિનિટ)નો સમય થઈ ગયો. એ ૧૬ ઘડી સુધી મોરલીને ઈંડાંનો વિયોગ કરવામાં તું નિમિત્તભૂત બની. તેના કારણે ૧૬-૧૬ વર્ષ સુધી પુત્રનો તારે ભારે વિયોગ થયો.


**બીજાને દુઃખ આપ્યું હોય કે દુઃખ આપવામાં નિમિત્ત બન્યા હોઈએ તો તે જ દુઃખ અનેક ઘણું આપણે ભોગવવું પડે છે.** ઉદયમાં આવ્યા પહેલાં તપ-આરાધના-પ્રશ્ચાતાપ - પ્રાયશ્ચિતથી તે પાપને ધોવે તો ભોગવ્યા પૂર્વે છુટકારો થઈ શકે.

હે રૂક્મણી ! તેં પૂર્વભવમાં અણસમજમાં કર્મ બાંધ્યું તેનું પ્રાયશ્ચિત કર્યું નહીં, પ્રશંસા ખૂબ કરી તેથી કર્મ ચીકણું મજબૂત બન્યું. આ કર્મ ઉદયમાં આવ્યું તેથી તારે ૧૬ વર્ષ પુત્રનો વિયોગ થયો.

આ પ્રભુની વાણી સાંભળતાં સાંભળતાં રૂકમણી રાણીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વભવ નિહાળ્યો થોડો આનંદ માણવામાં આટલું લાંબું દુઃખ આવ્યું, આ કર્મની વિચિત્રતા જાણી સંસાર પ્રત્યે વૈરાગ્ય થયો. વૈરાગ્ય પામી પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી.

સુંદર સંયમ આરાધના.... સાધના કરી કૈવલ્ય પામી એ જ ભવે મોક્ષે ગયાં

**બાળકો... જાણીને કર્મની વિચિત્રતા ! અજાણતાં માણેલો આનંદ કેવા દુઃખ આપે છે ! આપણા નિમિત્તે કોઈપણ જીવ દુઃખી ન થાય તે ખાસ ધ્યાન રાખશો.**



૨. અનાથી મુની

# અનાથી મુનિ

મગધદેશના રાજા શ્રેણિક મહારાજા હતા. તે ભગવાન શ્રી મહાવીરસ્વામીના પરમભક્ત હતા. પરંતુ પ્રભુ મળ્યા પહેલાંનો આ પ્રસંગ છે.

એકવાર અશ્વારુઢ થઈને ફરવા માટે (વનવિહાર) સૈન્ય સાથે નીકળ્યા હતા. મંડિકુક્ષી નામના ઉદ્યાનમાં પહોંચે છે. આ બગીચામાં એક વૃક્ષ નીચે પદ્માસન વાળીને બેઠેલા એક મુનિને જોયા. મુનિ ધ્યાનમાં બેઠેલા હતા. તેમની મુખમુદ્રા પ્રસન્ન હતી. તેમનું તેજસ્વી કપાળ અને રમણીય રૂપ જોઈને શ્રેણિક મહારાજા આશ્ચર્યમાં પડ્યા.

મનમાં વિચારવા લાગ્યા કે 'આ યુવા મુનિને સંસારમાં એવો તે કયો આઘાતજનક અનુભવ થયો કે જેથી મદમાતી યુવાનીનો આનંદ માણવાને બદલે સાધુપણાનો ત્યાગમાર્ગ સ્વીકાર્યો ? શું તેઓ પાસે સંપત્તિ નહીં હોય ? શું તેઓને પરિવાર નહીં હોય ? શું તેમને માન-પાન નહીં મળ્યું હોય ? મગધ મહારાજાએ પ્રણામ કરી મુનિવરને જ પ્રશ્ન કર્યો.'

મુનિરાજ ! ભર યુવાનીમાં સંસારનાં સુખો છોડી કષ્ટમય જીવનવાળી દીક્ષા શા માટે સ્વીકારી ? તમારી તેજસ્વી કંચનવર્ણી કાયા અને તરૂણવય જોઈ મને પ્રશ્ન થયો છે. છલકતી યુવાનીમાં સંસાર, સંપત્તિ, મોજશોખ, પ્રિયજનોનો ત્યાગ કેમ કર્યો છે ?

મુનિએ મધુ રસ્વરે કહ્યું... ! 'હે રાજન ! **આ સંસારમાં હું સાવ અનાથ હતો.** મને બચાવનાર ગાઢ મિત્ર, રક્ષક કે સ્વજન ન હતા, આથી મે સંસારનો ત્યાગ કર્યો છે.'

રાજા શ્રેણિક આ વાત સાંભળીને ચોંકી ગયા. હસતાં હસતાં બોલ્યા, 'મુનિવર ! જો તમે અનાથ છો તો હું તમારો નાથ બનીશ, મારી પાસે અપાર સમૃદ્ધિ સંપત્તિ છે. તમારી ઈચ્છા મુજબ ભોગવી શકો છો. હું નાથ બનીશ એટલે સ્વજનો સ્નેહીઓ મિત્રો સંબંધીઓ સામે ચાલીને આવશે. મુનિરાજ ! હું તમારો નાથ છું, સાધુતાને છોડી મારી સાથે વિશાળ રાજ્યમાં પધારો.

શ્રેણિક રાજાની વાત સાંભળી મુનિરાજ હાસ્યવદને બોલ્યા સમ્રાટ ! તમે ખૂદ અનાથ છો તો પછી મારા નાથ કઈ રીતે બની શકશો ? હું કૌશાંબી નગરીના સંપન્ન શ્રેષ્ઠીનો પુત્ર હતો. તમારી જેમ અપાર સંપત્તિ - સમૃદ્ધિ મારી પાસે હતી, પરંતુ એકવાર મારી આંખમાં પીડા ઉત્પન્ન થઈ અને શરીરનાં દરેક અંગોમાં દાહ થવા લાગ્યો. ભયંકર દાહ થયો, સહન ન થઈ શકે તેવો દાહજ્વર થયો. વૈદ્યની દવાઓ, પિતાની સંપત્તિ, માતાનું વાત્સલ્ય પણ મારી પીડાને ઓછી કરી શક્યાં નહીં. પત્ની-ભાઈ-બહેન પણ તેમાં નિષ્ફળ થયાં માત્ર સાંત્વન અને રૂદન સિવાય તેઓ પાસે કાંઈ જ ન હતું. આવી હતી મારી અનાથતા.


આ અનાથતા અને વેદનાથી મુક્ત બનવા માટે મેં ધર્મનું શરણું સ્વીકાર્યું. રાત્રે એવો સંકલ્પ કર્યો કે... **'મારી વેદના મટી જાય અને સાજો થઈ જાઉં તો આ સંસાર છોડી દઈશ'** બસ તે રાત્રીએ મારી વેદના ઓછી થવા લાગી, સવાર થતાં તો રાજન, એકદમ નિરોગી થઈ ગયો. તે જ દિવસે મેં દીક્ષા અંગીકાર કરી. **મારા જેવા અનાથને ભગવાન મહાવીર જેવા સારા નાથ મળ્યા.**

અનાથી મુનિના ઉપદેશથી શ્રેણિક મહારાજને સત્યતાનું ભાન થયું. આત્મચિંતનમાં ઊંડા ઉતરી ગયા અને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી. આત્મસામ્રાજ્ય અને સકલ વિશ્વના સ્વામી શ્રી મહાવીરપ્રભુને વાંદવાની ઉત્કંઠા થઈ.

શ્રેણિક મહારાજા પરિવાર સાથે પ્રભુને વાંદવા ગયા. **પ્રથમવાર જ પ્રભુનાં દર્શન કર્યાં અને આત્મા ઠરી ગયો, હૈયામાં પ્રભુને બિરાજમાન કર્યા. પ્રભુને નાથ તરીકે સ્વીકાર્યા.** અનાથીમુનિ સંયમધર્મની આરાધના કરી પરંપરાએ મોક્ષપદને પામ્યા.

**બાળકો... (૧) સંસારના દુઃખ દર્દ કર્મના ઉદયથી આવે છે ત્યારે આસપાસ રહેલી સુખ સમૃદ્ધિ કાંઈ જ કરી શકતી નથી. ધર્મનું - પ્રભુનું શરણ જ શાંતિ અને સમાધિ આપે છે.**

**(૨) ગુરુના દર્શન ઉપદેશથી પ્રભુનું સાચુ મિલન થાય છે માટે ધર્મ ઉપર શ્રદ્ધા રાખો. રોજ ગુરુવંદન કરવાનો આગ્રહ રાખો. વ્યાખ્યાન સાંભળો, સત્સંગ કરો.**



૩. સંપ્રતિ મહારાજા

# સંપ્રતિ મહારાજા

એક ભિખારી ખાવા માટે ભીખ માંગે છે. પરંતુ તેને કોઈ આપે નહીં અને સાધુ મહારાજને ખૂબ ખૂબ વહોરાવે, તે જોઈને ખાવા માટે શ્રી આર્યસુહસ્તિસૂરિ મ.સા. પાસે તે ભિખારીએ દીક્ષા લીધીમાત્ર એક (અર્ધા) દિવસાની જ સંયમની આરાધના - અનુમોદના કરી. અને બીજા ભવે સંપ્રતિ મહારાજ બને છે. આર્યસુહસ્તિસૂરિના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન થાય છે અને તે જૈન ધર્મી બને છે, તેમની આ વાત છે.

સંપ્રતિ મહારાજા અર્ધા ભરતક્ષેત્ર ઉપર વિજય મેળવી પોતાની રાજધાની ઉજ્જયિની નગરીમાં આવ્યા. હર્ષ પામેલા નગરજનોએ ઠાઠમાઠથી નગર પ્રવેશ કરાવ્યો.

સંપ્રતિ મહારાજ મહેલમાં આવ્યા અને તરત જ પોતાની માતા કમલાદેવીના પગમાં પડ્યા. પોતાની આંખોને માતાનાં પવિત્ર ચરણસ્પર્શ કરાવી પોતાની જાતને ધન્ય બનાવે છે. ઊભા થઈ માતાના મુખ સામે જોયું ત્યારે આશ્ચર્ય થયું પોતાની વિજયયાત્રાથી જ્યારે આખુંય નગર હર્ષના હિલોળે ચડેલું છે ત્યારે માતાનું મુખ શોકમગ્ન અને ચિંતાતુર હતું. દીકરાથી માતાનું આ દુઃખ ખમાતું નથી. **'માતાના દુઃખે દુઃખી તે દીકરો અને માતાના દુઃખે સુખી તે દીપડો'** આ જગતની કહેવત છે.

સંપ્રતિ પૂછે છે, હે માતા ! આજે મારા વિજયથી આખુંય નગર હર્ષઘેલું બન્યું છે ત્યારે તું શા માટે શોક મગ્ન છે ? તારો દીકરો વિજય પતાકા ફરકાવી આવ્યો છે. છતાં તને આનંદ કેમ નથી ? આખું નગર હર્ષ પામતું હોય પણ માતાને હર્ષ ન હોય તો મારા માટે આ વિજય નિરર્થક છે...'

આ માતા પરમ શ્રદ્ધાળુ શ્રાવિકા હતી. દુનિયાથી નિરાલી હતી. **દુનિયા દીકરાના દેહને જુએ છે** પરંતુ **શ્રાવિકા તો દીકરાના આત્માને જોતી હોય છે.**

માતા કહે છે, 'હે પુત્ર, રાજ્ય તો તારા આત્માને નરકમાં લઈ જશે. ભયંકર પાપો કરાવશે અને આ ભવ પરભવમાં દુઃખો વધારી મૂકશે. સાચી જનેતાને દુઃખદાયી રાજ્યની ભૌતિક સુખોની કમાણીથી હર્ષ કેમ થાય ?'

સંપ્રતિ પૂછે છે, માતા, તને હર્ષ ક્યારે થાય ? તારા હર્ષમાં જ મારો હર્ષ છે. જલ્દી બોલ તારો હર્ષ શેમાં છે ?'

'બેટા ! તું જે પૃથ્વીને જીતીને આવ્યો છે. તે સમગ્ર પૃથ્વીને જિનાલયોથી શોભિત કરી દે. તારી સંપત્તિથી ગામે ગામ જિનમંદિરો ઊભા કરી દે. તે જોઈ પૃથ્વી ખીલી ઊઠે ત્યારે મને આનંદ થાય.'

**'સાચો દીકરો માતાના મુખમાંથી પડતો બોલ ઝીલી જ લે'** તે ન્યાયે સંપ્રતિ રાજાએ તે જ ક્ષણે આખી પૃથ્વીને જિનમંદિરોથી મઢી દેવાનો સંકલ્પ કર્યો .

મહારાજાએ ત્યાં જ જોષીઓને બોલાવ્યા અને પોતાનું આયુષ્ય પૂછ્યું. જવાબ મળ્યો 'રાજન્ ! હજુ ૧૦૦ વર્ષનું આયુષ્ય બાકી છે. ૩૬ હજાર દિવસનું આયુષ્ય છે.'

મહારાજા સંપ્રતિએ રોજનું એક જિનમંદિર બાંધવાનો સંકલ્પ માતાની સામે કર્યો અને કામ તુરત જ શરૂ કરાવ્યું.


રોજ એક ખાતમુહૂર્ત થયાના સમાચાર સાંભળ્યા પછી માતાને નમસ્કાર કરીને સંપ્રતિ રાજા ભોજન કરતા. માતા પણ હરખઘેલી બની રોજ પુત્રના કપાળે તિલક કરીને મંગળ કરતી.

આવી રીતે સંપ્રતિ મહારાજાએ ૩૬ હજાર નવાં જિનમંદિરો કરાવ્યાં અને ૮૯ હજાર જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમણે સર્વે મળીને સવા લાખ જિનમંદિરો કરાવ્યાં અને સવા ક્રોડ જિનપ્રતિમાઓ પણ ભરાવી. તે સિવાય પોતાના વિશાળ રાજ્યમાં કોઈ પણ જીવ ભૂખ્યો કે દુઃખી ન રહે તે માટે ૭૦૦ દાનશાળાઓ શરૂ કરી.

બાળકો ... **(૧) ભિખારીના ભવમાં સંયમ ધર્મની અંતરના ભાવથી અનુમોદના - પ્રશંસા કરી તો બીજા ભવે સંપ્રતિ મહારાજા બન્યા. તમો પણ ધર્મની ખૂબ - ખૂબ અનુમોદના - પ્રશંસા કરશો.**

**(૨) સંપ્રતિ મહારાજા હતા તો પણ માતાનાં ચરણોમાં પડતા હતા. માતાની ખુશીમાં જ તેઓ ખુશ હતા. તમો પણ માતા (મમ્મી)ની વાત ક્યારે ઉત્થાપતા નહીં.**

**(૩) સંપ્રતિ મહારાજાએ ૧ ક્રોડ જિનપ્રતિમા ભરાવી હતી તો ચાલો, આપણે સંકલ્પ કરીએ, એટલી પ્રતિમાનાં દર્શન તો કરીએ. એક પણ દિવસ દર્શન - પૂજન વિનાનો રહે નહીં.**



૪. ચંદનબાળા

# ચંદનબાળા

ચંપાનગરીના મહારાજા દધિવાહન હતા. તેમની મહારાણી ધારણીને વસુમતિ નામે રાજપુત્રી હતી. તે અત્યંત ગુણવંતી, જ્ઞાનવંતી અને ધર્મનિષ્ઠાને પામેલી હતી. રાજવૈભવના સુખમાં ઊછળતી તે બાળા કર્મના પડદા પાછળ લખાયેલ દુઃખદ ઈતિહાસને જાણતી ન હતી. **'કર્મ નચાવે તેમ સર્વ જીવોને નાચવું પડે છે.'** તે આ વાર્તાથી સ્પષ્ટ થાય છે.

એકવાર કૌશાંબીના રાજા શતાનિકે ચંપાનગરી ઉપર આક્રમણ કર્યું. ચંપાનગરીને લૂંટી તેમાં રાજકુમારી વસુમતીને પણ લઈ ગયા અને દાસી રૂપે વેચવા દાસી બજારમાં ઊભી રાખી. એક વેશ્યા તેને વેચાતી લઈ જવાની તૈયારીમાં હતી. તે જ સમયે ત્યાંથી ધનવાહ શેઠ પસાર થતા હતા, તેમની નજર રાજપુત્રી ઉપર પડી. અનુપમ સૌંદર્ય અને પ્રભાવશાળી લાલિત્ય પૂર્ણ મુખારવિંદ જોઈ આ કોઈ ખાનદાન ઘરની દીકરી લાગે છે તેમ વિચારી યોગ્ય મૂલ્ય આપીને વેશ્યાના હાથમાં જતી બચાવી લીધી.

છેને કર્મની લીલા ! એક રાજપુત્રીની લૂંટ થઈ. દાસી બજારમાં લીલામ થઈ, વેશ્યાને ઘરે જવાની સ્થિતિ આવી છતાં મુખ ઉપર ઓજસ્ ઝળહળતું હતું. ધનવાહ શેઠ આ વસુમતીને પોતાની દીકરીની જેમ રાખતા. બાળા પણ ધનવાહને પિતા તરીકે માનતી હતી. શેઠ બહારથી આવે ત્યારે ચંદના વિનયપૂર્વક તેમના પગ ધોતી હતી. આ નિત્ય ક્રિયા બની ગયેલી. આ બાળામાં નિષ્ઠાપૂર્ણ સેવા અને સાહજિક વિનયનો ગુણ હતો. તેના પ્રભાવે સંપર્કમાં આવનાર દરેકને ચંદનની જેમ શાંતિ શીતળતાનો અનુભવ થતો હતો. તેથી શેઠે તેને લાડમાં **'ચંદનબાળા'** નામે બોલાવવા લાગ્યા. **'જેનામાં નમ્રતા, વિનય, વિવેક વગેરે ગુણ હોય તે સહુને ગમે'** એ જગતનો સિદ્ધાંત છે. ચંદના પણ પોતાના ગુણવૈભવના પ્રભાવે સર્વજનને પ્રિય બની.

એકવાર બહારથી આવેલ ધનવાહ શેઠના પગ ધોતાં ધોતા ચંદનાના વાળ નીચે પડ્યા. ગંદા પાણીમાં પડતા વાળની લટને ધનવાહ શેઠે ઊંચી કરી. આ દૃશ્ય શેઠની પત્ની મૂલાએ જોયું અને હૃદયમાં ઈર્ષ્યાની આગ ભભૂકી. શેઠ બહાર ગામ ગયા ત્યારે મૂલા શેઠાણીએ ચંદનાનું માથું મૂંડાવી નાખ્યું. પગમાં બેડીઓ નાખી અને ભોંયરામાં ધકેલી દીધી પછી તાળું મારી મૂલા બહારગામ ગઈ. ચંદના ત્રણ દિવસ ભૂખી અને તરસી રહી. બહારગામથી ધનવાહ શેઠ પાછા આવ્યા ત્યારે ચંદના ન દેખાઈ તેથી તપાસ કરી. છેવટે ખબર પડતાં શેઠ તુરત લુહારને બોલાવવા ગયા. જતાં જતાં ઢોર માટે અડદના બાકળા સૂપડામાં પડેલા જોયા. બીજુ કાંઈ હતું નહીં તેથી તે બાકળા ત્રણ દિવસની ભૂખી ચંદનાને ખાવા આપી ગયા.


કૌશામ્બી નગરીમાં પ્રભુ મહાવીર પધાર્યા હતા. પ્રભુનો અભિગ્રહ હતો. રાજકુમારી દાસી બનેલી હોય, તેના માથે મુંડન હોય, પગમાં બેડી હોય, અઠ્ઠમ તપ કર્યો હોય, મધ્યાહ્નના સમયે આખમાં આંસુ હોય અને એક પગ ઉંમરાની અંદર અને એક પગ ઉંમરાની બહાર હોય એવી સ્ત્રી સૂપડાના ખૂણામાંથી અડદના બાકુળા વહોરાવે તો જ વહોરવું. પાંચ મહિના અને ૨૫ દિવસના ઉપવાસ પ્રભુને થયા હતા, પરંતુ પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થતો નથી. આજે પ્રભુ અહીં પધારે છે. પોતાના સર્વ અભિગ્રહ પૂર્ણ થયેલા જાણી પ્રભુએ ચંદના પાસેથી ભિક્ષા ગ્રહણ કરી. ચંદનાની ભિક્ષા પ્રભુએ સ્વીકારી કે તુરત જ દેવી ચમત્કાર સર્જાયો. હાથ અને પગની બેડીઓ તૂટી જાય છે, ચંદનના માથે સુંદર વાળ થઈ જાય છે, આકાશમાંથી પુષ્પવૃષ્ટિ અને સુવર્ણવૃષ્ટિ થાય છે. સર્વને સત્ય અને પવિત્રતાનું ભાન થાય છે. રાજા શતાનિક અને મૂલા શેઠાણી પોતાનાં દુષ્કૃત્યો માટે ક્ષમા માંગે છે.

પ્રભુને કેવળજ્ઞાન થયા પછી ચંદનબાળાએ ભગવાન પાસે દીક્ષા લીધી અને વર્તમાન શાસનનાં પ્રથમ સાધ્વી બન્યાં શ્રમણી સંઘની પ્રવર્તની બન્યાં. સંયમધર્મની આરાધાના કરીને અંતે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયાં.

બાળકો... **(૧) ગમે તેટલાં ધન-સંપત્તિ વૈભવ હશે તે ક્યારે ચાલ્યાં જશે કાંઈ નક્કી નથી.**

**(૨) વ્યક્તિ પોતાના ગુણોથી પ્રિય બને છે. માટે વિનય, નમ્રતા, સરળતા જેવા ગુણો જીવનમાં લાવો.**

**(૩) જીવનમાં ગમે તેવી આપત્તિ આવે, તો પણ મન પ્રસન્ન રાખવું. અંતે સત્યનો વિજય થાય છે.**



૫. ઉપકારી સંત

# ઉપકારી સંત

હિન્દુ સંસ્કૃતિ એ સંતોની સંસ્કૃતિ છે. હિન્દુસ્તાનની ભૂમિનો કણકણ શાંતિ - સાધના અને સહનશીલતાનું સર્જન કરવા સમર્થ છે. **પોતે સહન કરીને પણ બીજાનું કલ્યાણ કરે તે સંત કહેવાય**. આવા જ એક હિન્દુસ્તાનના સંતની વાત છે.

એક સંત મહાત્મા દૂર દૂર દેશાંતર ફરે અને તીર્થયાત્રાઓ કરે અને લોકોને ધર્મ - સંસ્કારનો ઉપદેશ આપે. તેઓ સ્વભાવે શાંત હતા સરળ હતા, એકવાર તેઓ એક ગામના પાદરે પહોંચ્યા. ત્યાં કુદરતી શાંત વાતાવરણમાં મંદિર હતું. મહાત્માજીને મંદિર ગમી ગયું. તેથી ત્યાં નિવાસ કર્યો. તેઓ રોજ ભગવાનની પૂજા - ભજન - કીર્તન કરતા. આ સંત ખરેખર ભગવાનના ભક્ત હતા. ગામનું, જગતનું સદાય કલ્યાણ થાય તેવી પ્રભુને પ્રાર્થના કરતા હતા. ગામનું કુદરતી વાતાવરણ શાંત હતું. પરંતુ ગામના લોકો શાંત ન હતા. તેઓ તો ઘણા દુષ્ટ, દુર્જન હતા. **બીજાને હેરાન, પરેશાન, દુઃખી કરવામાં જ મજા આવે. આ દુર્જનનો સ્વભાવ છે.** દુષ્ટોને કોઈની ઉપર વિશ્વાસ પણ ન હોય. તેથી ગામના લોકો આ સંતને પણ ઢોંગી સમજે છે. અને મંદિર પાસેથી પસાર થતી વખતે લોકો રોજ-રોજ તે સંત ઉપર ગાળો વરસાવતા હતા. પણ સંત તો... શાંત, સહિષ્ણુ ને સમજદાર હતા, દયાળુ હતા. તેથી ગામના લોકોની ગાળો શાંતિથી સાંભળી લેતા હતા. તેમની ઉપર ગુસ્સો કરતા નહીં. હૃદયમાં વેરભાવ રાખતા નહીં. સામે ગાળ પણ દેતા નહીં, આથી વિના કારણે રોજ રોજ ગાળો ભાંડનારા ગામના દુષ્ટજનો છેવટે થાક્યા, કંટાળ્યા અને શાંત થયા. **'દુર્જનોને પણ સામેથી પ્રતિભાવ મળે તો જ હેરાન કરવાની મજા આવે. મજા આવે તો જ વધારે ખીજવે, પણ માણસ ખિજાય જ નહીં તો મજા ન આવે, મજા ન આવે તો કંટાળીને પજવણી બંધ કરે. આ દુર્જન જીવનો નિયમ છે.** (તમે પણ તમારા જીવનમાં પ્રયોગ કરી જોજો.) મહાત્મા શાંત જ રહ્યા તો ગામના લોકો થાકી શાંત થઈ કૌતુકથી મહાત્મા પાસે આવ્યા. તેમને પ્રણામ કરીને પ્રશ્ન પૂછયો, 'મહાત્મા અમે તમને રોજ રોજ ગાળો દઈએ છીએ તો પણ તમે કેમ ગુસ્સો કરતા નથી ? કેમ અમને સામી ગાળ દેતા નથી.'

સંતે હસીને કહ્યું : 'સાંભળો ! તમે મને સો રૂપિયા આપો અને તે હું લઉં નહીં તો તે સો રૂપિયા કોની પાસે રહે ?'

ગામના લોકોએ કહ્યું' 'અમારી પાસે જ રહે.'

સંતે ફરીને કહ્યું : તમે મને ગાળો દો અને તે ગાળો હું લઉં નહીં તો તે ગાળો કોની પાસે રહે ?' ગામના એ દુર્જનો જવાબ આપી શક્યા નહીં. સમજી **ગયા કે ગાળ દેવાથી તો આપણું જ મુખ અપવિત્ર બને છે.** આપણે આપેલી ગાળ તો આપણી પાસે જ રહે છે. તે ગાળ તો આપણને જ લાગે છે. આમ સમજીને બધા શરમિંદા બની ગયા. પોતાની ભૂલોનો પસ્તાવો કરવા લાગ્યા. સંતના ચરણમાં પડી વારંવાર ક્ષમા માગવા લાગ્યા. હવે કોઈને હેરાન પરેશાન નહિ કરવાનો સંકલ્પ કર્યો.


જીવનમાં કદી પણ કોઈને ગાળ ન બોલવાની પ્રતિજ્ઞા લીધી.

સંતના પરમ ભક્ત બની ગયા. પોતાની ગંદી જિંદગીને સુધારી દીધી.

**બાળકો...! કોઈ હેરાન કરે તો ક્યારેય ગુસ્સે થવું નહીં. કોઈ પણ વ્યક્તિ તમોને ગાળ બોલે તો તમારે લેવી નહીં. (સામે જવાબ ન આપવો) આપણે કોઈને ગાળ બોલવી નહીં.**

ગજસુકુમાલ મુનિને માથે અંગારા મૂક્યા, ખંધકમુનિની આખાય શરીરની ચામડી ઉખાડી નાંખી, ખંધકસૂરિના (બીજા) ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલ્યા છતાંય તે મહાત્માઓએ **દુઃખ આપનારને ઉપકારી માન્યા છે.** દુઃખ આપ્યું તો જ અમારાં કર્મો / પાપો તૂટ્યાં, એમ તેઓ માને છે. છે ને જિનશાસનનું સત્વ... ! **તમને પણ કોઈ હેરાન કરે તો તેને ઉપકારી માનશો....**

બરાબર ને ? ઉપકારી માનશોને ?



૬. ધણ્ણા કાકંદી

# ધન્ના - કાકંદી

કાકંદી નગરીમાં ભદ્રા શેઠાણીનો પુત્ર ધન્યકુમાર હતો. **પૂર્વભવોમાં શુભધર્મ-કર્મ કરવાથી પુણ્ય બાંધેલું.** તેના પ્રભાવથી બત્રીસ કોડ સોનૈયાના માલિક બન્યા છે. અત્યંત ધનવાન શેઠિયાઓની અપ્સરા જેવી ૩૨ કન્યાઓ સાથે તેનાં લગ્ન થયાં. અનેક નોકર ચાકર સેવા કરી રહ્યા છે. **પુણ્યનો જેને સાથ છે તેને બધું જ અનુકૂળ હોય છે.** આ ધન્યકુમાર ૩૨ પત્નીઓ સાથે સુખેથી જીવન જીવી રહ્યા છે. ધન્યકુમાર એકવાર પ્રભુ મહાવીરની દેશના સાંભળવા ગયા.ધન્નાજીએ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી દેશના સાંભળવા બેઠા, બે હાથ જોડી ભાવ વિભોર બની પ્રભુની દેશના સાંભળે છે. પ્રભુની વાણી સાકર થી પણ વધુ મીઠી હોય છે. અંતરને ઠારે છે. આનંદ આપે છે. **'સંસારનાં દરેક સુખોમાં છ કાયના જીવોની હિંસા થાય છે. અને તે હિંસા છેવટે પાપ બંધાવી દુઃખ આપે છે. આત્માને દુઃખી ન કરવો હોય તો સંસારના ભોગ વિલાસમાં રહેવાય નહીં. ત્યાગમાં સુખ છે, ભોગમાં દુઃખ છે.'** પ્રભુની આ વાણી ધન્નાજીના અંતરમાં ઊતરી ગઈ, વૈરાગી બની દીક્ષા લીધી અને દીક્ષાના દિવસથી જ તેઓએ. નિયમ - પ્રતિજ્ઞા કરી કે છઠ્ઠના પારણે છઠ્ઠ (બે ઉપવાસ) કરવા અને પારણે આયંબિલ તપ કરવું.

ધન્નાજીનું કેવું પુણ્ય ? ભોગવવા છતાં આસક્તિ નહીં, છોડતાં લેશમાત્ર વાર નહીં. ધન-સંપત્તિ-વૈભવ છોડ્યાં ૩૨ પત્નીઓ છોડી અને શરીર ઉપરની મમતા પણ છોડી.

છઠ્ઠના પારણે આયંબિલ કરે, તેમાં પણ લુખ્ખો સુખ્ખો નિરસ આહાર લે, જેની ઉપર માખી પણ ન બેસે તેવો શુદ્ધ - દોષ રહિત આહાર ઘરે ઘરે ફરીને લાવે. આઠ મહિનામાં તો ધન્નામુનિની કાયા સુકાઈ ગઈ, માત્ર હાડ અને ચામ રહ્યાં, શરીર કાળું પડી ગયું આંખો ઊંડી ઊતરી ગઈ. સાધુક્રિયા સિવાય બાકીનો સમય જંગલમાં જઈ કાઉસગ્ગ કરે.

એક દિવસ શ્રેણિક મહારાજાએ પ્રભુને પૂછ્યું, 'ભગવાન્ ! આપના ૧૪ હજાર સાધુમાં શ્રેષ્ઠ આરાધક સાધુ કોણ ?' પ્રભુએ કહ્યું, 'શ્રેણીક મહારાજા ! નિત્ય ચઢતા ભાવવાળા શ્રેષ્ઠ આરાધક ધન્નાજી છે.' પ્રભુની વાત સાંભળી રાજા શ્રેણિકે વનમાં જઈ તેઓનાં દર્શન કર્યાં. ધન્નાજીનું સુકાઈ ગયેલું શરીર જોઈ શ્રેણિક મહારાજા ભાવવિભોર બની ગયા, અહોભાવપૂર્વક વંદન કર્યું. ખરેખર નરેન્દ્રો અને દેવેન્દ્રો જેને વંદન કરે છે તે ત્યાગ વૈરાગ્ય જ આત્માનું સાચું દાન છે.


ધન્નાજી અંતે રાજગૃહી નગરી પાસે વૈભારગિરિ પર્વત ઉપર એક માસનું અણસણ કરી સમાધિપૂર્વક કાળ કરી અનુત્તર વિમાનમાં ગયા...

ત્યાંથી મનુષ્ય બની આરાધના કરી મોક્ષે પધારશે...

ધન્ય અણગાર, ધન્ય તપસ્વી... !

બાળકો... **(૧) ધનસંપત્તિ વૈભવ ગમે તેટલો હોય છતાં તે મોક્ષ અપાવી શકે નહીં. તેને છોડવાથી જ મોક્ષની સાધના થઈ શકે છે.**

**(૨) ધન્નાજી છટ્ઠાના પારણે કેવાં આયંબિલ કરતા હતા ! દીક્ષા પહેલાં રોજ મેવા-મીઠાઈ ખાનારા નીરસ લુખ્ખા આહારથી આખી જિંદગી આયંબિલ કર્યાં. આપણે મહિનામાં કે વર્ષમાં ૨ થી ૪ આયંબિલ કરીએ....**



૭. શયંભવસૂરિ

# શયંભવસૂરિ

ભગવાન મહાવીરપ્રભુની પાટ પરંપરામાં પંચમગણધર શ્રી સુધર્માસ્વામી, જંબૂસ્વામી, પ્રભવસ્વામી પછી ચોથી પાટે શયંભવસૂરિ મ. થયા. તેમની આ વાત છે.

શ્રી પ્રભવસ્વામી તેમના મનમાં ચિંતા થઈ કે.... હવે શાસનની ધુરા (સંચાલનની જવાબદારી) કોને સોંપવી ? શાસનમાં ઘણા વિદ્વાન આચાર્યો - ઉપાધ્યાય - સાધુઓ અને સમર્થ શ્રાવકો હતા, પરંતુ ક્યાંય મન ઠરતું નથી. તેઓ સમજે છે કે **શાસન ચલાવવા માત્ર જ્ઞાન ન ચાલે, યોગ્યતા જ** (મોહનીય કર્મનો ક્ષયોપશમ) **જરૂરી છે**. શ્રીસંઘનો કાર્યભાર વહન કરી શકે એવી યોગ્ય વ્યક્તિનો વિચાર કરતાં રાજગૃહ નગરના યજ્ઞનિષ્ઠ વિદ્વાન બ્રાહ્મણ શયંભવ ભટ્ટ ઉચિત લાગ્યા.

પરંતુ શયંભવ ભટ્ટ તો કટ્ટરવાદી બ્રાહ્મણ હતા. જૈનોને નાસ્તિક માનતા હતા. રાજગૃહી નગરમાં પશુમેધ યજ્ઞ કરાવતા હતા, તેમને જૈન ધર્મની અભિમુખ કરવા કેવી રીતે ? દીક્ષા આપવી કેવી રીતે ? દીક્ષા આપ્યા વિના શાસનની જવાબદારી સોંપાય નહીં. માટે એક ઉપાય શોધ્યો.

શ્રી પ્રભવસ્વામીએ પોતાના બે મુનિઓને તેમની પાસે યજ્ઞમંડપમાં મોકલ્યા. યજ્ઞમંડપમાં ઘોર હિંસા ચાલતી હતી. આથી શયંભવ બ્રાહ્મણના કાને પડે તે રીતે તે બન્ને સાધુઓએ કહ્યું 'अहो कष्टम् अहो कष्टम् तत्वं न ज्ञायते !' 'અહો ! તમે કષ્ટ કરી રહ્યા છો. કષ્ટ કરી રહ્યા છો. યજ્ઞ ફળે છે. તેના તત્ત્વને તમે જાણતા જ નથી.' આટલું બોલી સાધુઓ ત્યાંથી નીકળી ગયા.

શયંભવ બ્રાહ્મણને વિશ્વાસ હતો કે **'જૈન સાધુઓ ક્યારેય અસત્ય (જૂઠ) ન જ બોલે.'** તેથી તેમના ગુરૂદેવ પાસે જઈને પૂછ્યું. 'ગુરૂદેવ આ યજ્ઞ વગેરે ફળે છે, તેમાં તત્ત્વ (રહસ્ય) શું છે?' ગુરૂએ યજ્ઞ સમયે બલિ ચઢાવે તેની મહત્તા જણાવી. પરંતુ શયંભવ બ્રાહ્મણને બરાબર લાગ્યું નહીં. જો હિંસાથી જ ફળ મળતું હોય તો જૈન સાધુ આવું બોલે નહીં આથી બલિ માટે રાખેલી તલવારથી ગુરૂ સામે ગુસ્સાપૂર્વક કહ્યુ, 'ગુરૂદેવ ! રહસ્ય બતાવવું જ પડશે, નહીં તો આ તલવાર તમારી સગી નહીં થાય. જૈન સાધુઓ જૂઠું બોલે જ નહીં. રહસ્ય બતાવો.'

ગુરૂદેવે ગભરાઈને કહ્યું. 'રહસ્ય તત્ત્વ તો યજ્ઞસ્તંભની નીચે રહેલું છે.' શયંભવ દોડતો જાય છે, **યજ્ઞસ્તંભની નીચે ખોદે છે તો શાંતિનાથ પ્રભુની પ્રતિમા જોઈ આશ્ચર્ય પામી જાય છે. આ ભગવાનના પ્રભાવે જ યજ્ઞનું ફળ મળે છે.** તેઓ તુરત જ જૈન સાધુઓને શોધતાં શોધતાં શ્રી પ્રભવસ્વામી પાસે આવે છે. શ્રી પ્રભવસ્વામીએ યજ્ઞનું સાચુ સ્વરૂપ સમજાવ્યું. **યજ્ઞમાં પશુઓનો બલિ નહીં પણ આપણા દોષો અને કુવિચારોનો બલિ દેવાનો છે.** આ વાત જણાવી જૈનદર્શન - આત્મા - મોક્ષની સુંદર આધ્યાત્મિક ભૂમિકા સમજાવી.

શયંભવ બ્રાહ્મણમાં યોગ્યતા તો હતી જ, માત્ર માર્ગદર્શનની જરૂર હતી. 'તેજીને ટકોરો' એ કહેવત પ્રમાણે શયંભવના અંતરમાં વૈરાગ્ય અને જૈનધર્મ પ્રત્યે અહોભાવ પેદા થયો.


**સત્ય સમજાયા પછી અસત્યને છોડતાં વાર નથી લાગતી** એ પ્રમાણે શયંભવે યજ્ઞ વગેરે ક્રિયાકાંડ ઘર- પરિવાર છોડીને અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે જૈન દીક્ષા લીધી. ગુરૂદેવ પાસેથી ૧૪ પૂર્વનું જ્ઞાન મેળવ્યું. શ્રુતકેવલી બન્યા પછી ગુરૂદેવે તેમને આચાર્યપદ આપ્યું અને પાટપરંપરામાં ૪થા પટ્ટધર થયા.

તેઓએ પોતાના ૮ વર્ષના બાળકને પ્રતિબોધ કરી દીક્ષા આપી. તેમનું નામ બાલમુનિ મનક રાખ્યું. બાલમુનિનું આયુષ્ય માત્ર ૬ મહિનાનું છે તેવું પોતાના જ્ઞાનથી જાણ્યું. આટલા ટૂંકા સમયમાં સર્વ આગમશાસ્ત્રોનું અધ્યયન શક્ય ન હતું. તેથી ૧૪ પૂર્વોમાંથી વિશેષ સારાંશ રૂપે દશવૈકાલિક આગમનું સંકલન કર્યું. આજે પણ દીક્ષા પછી પ્રારંભિક અભ્યાસ માટે દશવૈકાલિક સર્વ જૈનોમાં માન્ય છે.

શ્રી શયંભવસૂરી મ.ને બ્રાહ્મણ સમાજનો અનુભવ હતો. યજ્ઞોમાં પશુ હિંસા થતી હતી. તેથી સહુને યજ્ઞનું સ્વરૂપ અને હિંસાનું પાપ સમજાવી હિંસા બંધ કરાવી, અનેક બ્રાહ્મણોને જૈનધર્મ અનુકૂળ બનાવ્યા.

બાળકો... **(૧) શયંભવ જૈન સાધુઓને નાસ્તિક માનતા હતા છતાં તેમના વચન ઉપર કેટલી બધી શ્રદ્ધા હતી ! સાધુ મ.ના ઉપર શ્રદ્ધા રાખવાથી કલ્યાણ જ થાય છે. તમો પણ યાદ રાખશો.**

**(૨) આપણે જે કરીએ છીએ તે સાચું છે તેવું નહિં માનવું, કોઈ સમજાવે તો સમજવા પ્રયત્ન કરવો અને ખોટું છે તેમ સમજાય તો ભૂલ સુધારવા પ્રયત્ન કરવો.**



૮. મધુબિંદુ

# મધુબિંદુ

જૈન શાસનમાં સંસારને અનેક ઉપમાઓ (સરખામણી) આપેલી છે. સંસાર દાવાનળ છે. અંધારો કૂવો છે, સાગર છે.

તે પૈકી એક મઝાનું દૃષ્ટાંત મધુબિંદુનું છે. સંસાર રસિક જીવોની કેવી ભયંકર સ્થિતિ હોય છે તે આ દૃષ્ટાંત જણાવે છે.

એક માણસ ભયંકર ગીચ જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો, એકલો હતો, અટૂલો હતો. અનેક જંગલી જનાવરોનો ભય હતો. દૂરથી એક ગાંડોતૂર બનેલો મહાકાય હાથી આવી રહ્યો છે. જાણે બસ હમણાં જ રામ રમી ગયા, પોતાનો પ્રાણ બચાવવા તે માણસ દોટ મૂકે છે. હાથી નજીક આવે છે. ત્યાં તે માણસની નજર એક તોતિંગ વટવૃક્ષ ઉપર પડે છે. અને તેને લાગ્યું કે હવે મૃત્યુના પંજામાંથી બચવાનો ઉપાય મળી ગયો. દોડતો દોડતો દૂરથી જ તેને એક જ કૂદકો માર્યો અને વડની વડવાઈ પકડી લીધી અને સંતોષનો દમ ખેંચ્યો. હાશ બચી ગયા. પરંતુ તેને ક્યાં ખબર છે કે... **એક દુઃખથી બચવા ગયા ત્યાં કેટલાંક દુઃખો માથે ઝીંકાયાં છે.** પેલો લટકતો માણસ જરા નજર ઊંચી કરીને જુએ છે તો પોતે જે વડવાઈ પકડી લટક્યો છે તે જ વડવાઈને એક સફેદ અને એક શ્યામ ઉંદર કાપી રહ્યા છે. પડવાના ભયથી નીચે જુએ છે તો બરોબર નીચે ભયંકર અંધકારમય મોટો કૂવો છે એ કૂવામાં ચાર સર્પો અને એક અજગર ફુંફાડા મારી રહ્યા છે. જાણે આખોને આખો ગળી જવા બોલાવી રહ્યા છે. પેલો મહાકાય હાથી તો દોડતો આવી પોતાના પ્રચંડ બળ દ્વારા આખા વૃક્ષને પાડવા મથી રહ્યો છે. જે વડવાઈને માણસ વળગ્યો છે. તેની ડાળીમાં જ મધપૂડો રહેલો છે. હાથી ઝાડ હલાવે છે, તેથી મધપુડાની મધમાખીઓ ઊડી ઊડીને પેલા માણસને જોરદાર ડંખ આપી રહી છે. છેને કુદરતની લીલા ! દુઃખ આવે એટલે ચારે બાજુથી આવે છે. આટલાં દુઃખ વચ્ચે ! પણ મધપુડામાંથી ક્યારેક પડતા મધની મીઠાશ મધુર લાગે છે. બધાં જ દુઃખ ભૂલાવી દે છે. ક્યારે મધનું બુંદ પડે અને કયારે મીઠાશ મળે તેનાં સપના સેવે છે.

બરાબર આ જ સમયે એક વિદ્યાધર આકાશમાર્ગે પોતાના વિમાનમાં જઈ રહ્યો છે. આ માનવીની આવી દયનીય સ્થિતિ જોઈને તેને ખૂબ દયા આવે છે. **બીજાના દુઃખ દૂર કરવાથી ભાવના થાય તે દેવ અને બીજાને દુઃખી કરવાની ઈચ્છા થાય તે રાક્ષસ.** મનુષ્ય ભવમાં બંન્ને ભાવનાઓ હોય, **આપણામાં કઈ ભાવના છે ?** વિચારશો.

આ દેવ પેલા માવનીને કહે છે, "ભાઈ, તારે તો ચારે બાજુથી મરણનો પ્રચંડ ભય છે. તુ દુઃખી દુઃખી છે. જો તું મારા વિમાનમાં આવી જાય તો બચાવી લઉં નિર્ભય સ્થાને મૂકી દઉં."

પણ પેલા મધપુડામાંથી મધનું ટીપું હમણાં મોઢામાં પડશે અને મીઠું લાગશે. તેવી આશામાં પેલા ભાઈ દેવને કહે છે, 'ભાઈ ! થોડીવાર થોભી જા, મધ ખાઈ લેવા દે.'

કેટલા ભયો... કેટલાં દુઃખો. ઉંદર વડવાઈ કાપી નાંખશે તો નીચે કૂવો છે. તેમાં સર્પો અજગરો મોં ફાડીને બેઠા છે. હાથી ઝાડ ઉખાડી દેશે તો વૃક્ષના થડ નીચે દબાઈ જઈશ અથવા તો કૂવામાં પડી જઈશ અથવા હાથી એક પગ મૂકી મારી નાખશે. મધમાખીના ચટકા તો સતત ચાલુ જ છે. આ બધાં દુઃખોમાંથી છૂટવાનો ઉપાય સામે છે. છતાં **એક મધના બિંદુની તૃષ્ણાના કારણે...** દુઃખ મુક્ત બની શકતો નથી... છે ને ભારે કરૂણાજનક સ્થિતિ ?

શાસ્ત્રોમાં આ રૂપક વાર્તા છે તે સંસારમાં રહેલાં સર્વજીવો માટે છે. **માનવ (જીવો) મધુબિંદુ સમાન વિષય તૃષ્ણાના કારણે જ આ સંસારમાં અથડાઈ રહ્યો છે.** સંસારરૂપી એક ભયંકર જંગલ છે. મનુષ્ય ભવ રૂપી એક વટવૃક્ષ છે. આ વટવૃક્ષ ઉપર રહેલા માનવોને કેટલી બધી તકલીફો છે. શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષ (સુદ અને વદ) રૂપી બંને ઉંદરો જીવન રૂપી ડાળીને કાપવા મથી રહ્યા છે. યમરાજ રૂપી ગજરાજ (હાથી) **આખા વૃક્ષને ઉખેડવા મથી રહ્યો છે.** નીચે પડે એટલે દુર્ગતિ રૂપી અંધારો કૂવો છે. તેમાં ક્રોધ, માન, માયા, લોભ રૂપી ચારે સર્પો અને મોહનીય અજગર ડંસવા તલસી રહ્યા છે. એક આધિ વ્યાધિ, ઉપાધિ રૂપી મધમાખીઓ બિચારાને કરડી રહી છે. આ વિષમ પરિસ્થિતિમાં પણ મધુબિંદુ સમાન વિષય તૃષ્ણાના કારણે એ બિચારાને આવી મહાઅટવીમાંથી બહાર નીકળવાનું મન થતું નથી. અહીં પેલા વિદ્યાધર સમાન જ્ઞાનીપુરૂષો ગુરૂ ભગવંતોને **તૃચ્છ વિષયોની પાછળ રખડતા ચારે બાજુથી ભીષણ સ્થિતિથી ઘેરાયેલા એવા સંસાર રસિક જીવોને જોઈને ખૂબ દયા આવે છે.** સંયમના વિમાનમાં પોતાની સાથે આવવા જણાવે છે પણ હમણાં ભોગવિલાસમાંથી આનંદ મળશે તે આશાએ સંસારમાં અથડાયા કરે છે.

બાળકો... **સંસારનાં સુખો મધુબિંદુ સમાન છે. અનેક દુઃખોની વણઝાર હોવા છતાં હમણાં સુખ મળશે એ આશાએ આખી જિંદગી વેડફી નાખે છે, પાપમય જિંદગી જીવીને ભવભ્રમણ વધારે છે.**



અદિતિ નિરવભાઈ વસા (ઉ.૬ વર્ષ)
એ/૩, નિર્માણ ફ્લેટ, સેન્ટઝેવીયર્સ
સ્કૂલની સામે, નવરંગપુરા, અમદાવાદ-૯.
(દેવકીનંદન જૈન સંઘ)
ઈર્યાવહીસૂત્ર મુખપાઠ - નિત્ય દર્શન




સિલ્વી આશીષકુમાર મહેતા
૭, બીજે માળે, સુનિષ એપાર્ટમેન્ટ,
કાજીનું મેદન, ગોપીપુરા, સુરત.
(મો.) ૯૩૭૪૫ ૧૨૨૫૯
નિત્યપૂજા - દર્શન - પાઠશાળા



તૃષા જિજ્ઞેશભાઈ શાહ (ઉ.૪ વર્ષ)
પરિશ્રમ બંગલો, શત્રુંજય સોસાયટી સામે,
શાંતિવન,પાલડી, અમદાવાદ.
લોગસ્સસૂત્ર, નિત્ય દર્શન, પાઠશાળા



વેદીકા મહેન્દ્રભાઈ જૈન (ઉ.૪ વર્ષ)
(માડાણીવાળા)
૪૨, શાંતિનગર સોસા., ઉસ્માનપુરા,
અમદાવાદ. મો. ૯૩૨૭૦ ૧૧૧૬૯
નિત્યપૂજા - દર્શન - પાઠશાળા



વિરલ પંકજભાઈ શાહ (ચાણસ્માવાળા)
શ્રીશુભ એપાર્ટમેન્ટ, બીજે માળે,
કતારગામ, સુરત.
અઠ્ઠમ, ચોસઠપ્રહરી પૌષધ, નિત્યપૂજા,
ગુરુવંદન, પાઠશાળા, બે પ્રતિક્રમણ (ચાલુ)



સૌરભ પંકજભાઈ શાહ (ચાણસ્માવાળા)
શ્રીશુભ એપાર્ટમેન્ટ, બીજે માળે,
કતારગામ, સુરત.
ચોસઠપ્રહરી પૌષધ, ઉપધાન, રાત્રીભોજન ત્યાગ,
નિત્યપૂજા, ગુરુવંદન, પાઠશાળા, પંચપ્રતિક્રમણ




મિતેષ અશોકભાઈ ભંડારી
ભૈરવકૃપા, જય-વિજય સોસાયટી,
બરોડા બેંક સામે, ઊંઝા (ઉ.ગુ.)
નિત્ય દર્શન, પૂજા, બે પ્રતિક્રમણ



કુ.આસ્કા ઉદયભાઈ શાહ (ઉ. ૧૧ વર્ષ)
૧૨, વૈભવ સોસાયટી,
ચંદનબાળા ફ્લેટની સામે,
એસ.ટી. વર્કસની પાછળ, મહેસાણા.
વંદીત્તાસુધી, નિત્યપૂજા - દર્શન - પાઠશાળા



શ્રેયા ભાવેશકુમાર શાહ (ઉં.૧૧ વર્ષ)
C/o.સુરેશભાઈ કાંતિલાલ શાહ
'અરિહંત', ૨૨/બી, શાંતિનગર સોસા, ઉંઝા.
બે પ્રતિક્રમણ, સ્નાતસ્યા, હાલરડું
છઠ્ઠ, બે અઠ્ઠમ, અઠ્ઠાઈ, છ'ગાઉની જાત્રા, ઉપધાન,
ચંદનબાળાનો અઠ્ઠમ, ઓળી, ચૈત્રી પૂનમ ઉપાડી છે.



રીયા બીનેશકુમાર પટવા (ઉં.૮ વર્ષ)
ડી-૬, મહાવીર બંગલોઝ,
શાંતિનગર સોસા. પાસે. ઉંઝા
લોગસ્સસૂત્ર, ૭ વર્ષની ઉમરે ઉપધાન તપ,
અઠ્ઠમ, નિત્ય પૂજા, કદમૂળ ત્યાગ



નેહા પરેશકુમાર શાહ (ઉં.૭ વર્ષ)
૧૮, સપ્તર્ષિ ફ્લેટ, ત્રીજે માળે,
કન્યા છાત્રાલય પાછળ, ઊંઝા.
બે પ્રતિક્રમણ પૂર્ણ, ઉપધાન - અઠ્ઠાઈ
નિત્યપૂજા, પાઠશાળા, કંદમૂળ ત્યાગ

જ્ઞાનપ્રેમી એક સદ્ગૃહસ્થ, વડોદરા

જ્ઞાનપ્રેમી એક સદ્ગૃહસ્થ, વડોદરા

બાળકો ! તમારે પણ ફોટો છપાવવો છે ને ?
માત્ર રૂા. ૧૫૦૦/- માં ગુજરાતની તમામ પાઠશાળામાં તમારો ફોટો જશે...
આ સુંદર યોજના છે આવતા અંકમાં તમો પણ તમારો ફોટો મોકલાવો.

JAMBOODWEEP PRINTERS
AHMEDABAD
99250 63846, 9879896170